TATA SHAKTEE GC SHEET | JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL

ALEVATE
PERFORMANCE AT ITS PEAK
Aluminium Roofing Sheets

- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ દશમ શુક્રવાર ૧૦ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૨૦

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

સુરતની ખાડી પૂર સમસ્યા ઉકેલવા 500 કરોડનું પેકેજ

(તસવીર : સતીષ જાદવ)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો એક્શન પ્લાન તૈયાર કરવાનો આદેશ; દબાણો દૂર કરી લાંબા ગાળાના નિવારણ પર ભાર

સુરત : દર વર્ષે ચોમાસામાં સર્જાતી ખાડી પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરતની મુલાકાત દરમિયાન જાહેરાત કરી હતી કે ખાડી ડેવલપમેન્ટ અને સુધારણા કાર્યો માટે રાજ્ય સરકાર રૂ. 500 કરોડની વિશેષ ફાળવણી કરશે. સાથે જ ભવિષ્યમાં ખાડી પૂરની સ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે તાત્કાલિક એક્શન પ્લાન તૈયાર કરી અમલમાં મૂકવા તંત્રને સૂચના આપી હતી. ભારે વરસાદ બાદ સુરત શહેર અને જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની સમીક્ષા કરવા ભૂપેન્દ્ર પટેલ અલથાણ સ્થિત ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર (ICCC) પહોંચ્યા હતા. ત્યાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, નાણા અને જિલ્લા પ્રભારી મંત્રી કનુ દેસાઈ તથા આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાની ઉપસ્થિતિમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી.

બેઠકમાં પૂર બાદની સ્થિતિ, પાણી ઉતર્યા પછીની સફાઈ, રોગચાળો અટકાવવા માટેની કામગીરી, રાહત અને બચાવ કામગીરી તેમજ અસરગ્રસ્તોને કેશ ડોલ્સ અને ઘરવખરી સહાયની ચૂકવણી અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ તમામ અસરગ્રસ્તોને સહાયની ચૂકવણી ઝડપથી પૂર્ણ કરવા અને જનજીવન વહેલી તકે પૂર્વવત બનાવવા તંત્રને સૂચના આપી હતી. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે સુરતમાં વારંવાર સર્જાતી ખાડી પૂરની સમસ્યાનો લાંબા ગાળાનો ઉકેલ લાવવા માટે ખાડી ડેવલપમેન્ટનું આયોજન કરવામાં આવશે. ભારે વરસાદ દરમિયાન સામે આવેલી વહીવટી ક્ષતિઓનું પુનરાવર્તન ન થાય તે માટે તમામ વિભાગો સંકલન સાથે કામ કરે અને તાત્કાલિક અમલલાયક એક્શન પ્લાન તૈયાર કરે તેવી પણ તેમણે તાકીદ કરી હતી.હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ખાડી ડેવલપમેન્ટ માટે મંજૂર કરાયેલા રૂ. 500 કરોડના ભંડોળથી પાણી ભરાવાની સમસ્યાના કાયમી નિવારણ માટે કામગીરી હાથ ધરાશે. ઉપરાંત રોડ, ડ્રેનેજ અથવા અન્ય સરકારી કામોમાં ગુણવત્તાની ખામી કે બેદરકારી સામે આવશે તો તેની તપાસ કરીને જવાબદારો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજને જણાવ્યું હતું કે આ સપ્તાહમાં જ સિઝનના કુલ વરસાદના આશરે 30 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. પૂર દરમિયાન 3,600 લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું, જ્યારે 4,100 લોકોને રિલીફ સેન્ટરોમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ NDRFની બે અને SDRFની પાંચ ટીમો કાર્યરત છે.જિલ્લા

...અનુસંધાન પાના 15 પર

દેશના અનેક ભાગોમાં ભારે વરસાદનો હાહાકાર યાલુ

રાજધાની દિલ્હીમાં આ સિઝનનો સૌથી ભારે વરસાદ થયો, જનજીવનને વ્યાપક અસર

રાજસ્થાન, ઉત્તરાખંડ અને કેરળમાં પણ ભારે વરસાદ, મહારાષ્ટ્રમાં વધેલો મૃત્યુઆંક

નવી દિલ્હી, તા. 9 (PTI): ચોમાસાના મુશળધાર વરસાદે ગુરુવારે દેશના કેટલાક ભાગોમાં વ્યાપક તબાહી મચાવી હતી, જેના કારણે રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા હતા, વૃક્ષો ધરાશાયી થયા હતા, મિલકતોને નુકસાન થયું હતું અને જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. આ પરિસ્થિતિ વચ્ચે સત્તાવાળાઓ જનજીવન સામાન્ય કરવા માટે મથામણ કરી રહ્યા છે.

કેટલાય શહેરોમાં રસ્તાઓ અને રહેણાંક વિસ્તારો પાણીમાં ગરકાવ રહ્યા હતા, જેના કારણે વાહનચાલકો ઘૂંટણ સમાણા પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા હતા અને મુખ્ય માર્ગો તેમજ હાઇવે પર ટ્રાફિક ધીમો પડી ગયો હતો. ભારે પવનને કારણે ધરાશાયી થયેલા વૃક્ષોએ કેટલાય સ્થળોએ રસ્તાઓ બ્લોક કરી દીધા હતા, જ્યારે પૂરના કારણે વાહનોની અવરજવર ખોરવાઈ ગઈ હતી અને ઘરોને નુકસાન પહોંચ્યું હતું. મહારાષ્ટ્રના પુણે નજીક પિંપરી ચિંચવડમાં ભારે વરસાદને કારણે કચરાના વિશાળ ઢગલા ધસી પડતાં, એક દિવસ પહેલા વેસ્ટ-ટુ-એનર્જી પ્લાન્ટમાં ધરાશાયી થયેલી ઇમારતના સ્થળે બચાવ કામગીરી પણ ચાલુ રહી હતી. ગુરુવારે એક મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે હજુ પણ આશરે આઠ લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે.

દિલ્હીમાં આ સિઝનનો સૌથી ભારે વરસાદ જોવા મળ્યો હતો, જેમાં વ્યાપક જળબંબાકાર, ધરાશાયી થયેલા વૃક્ષો અને

...અનુસંધાન પાના 15 પર



ઉત્તરાખંડ

ચોમાસાએ સમગ્ર દેશને આવરી લીધો

IMDએ ગુરુવારે જાહેરાત કરી હતી કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું રાજસ્થાન, હરિયાણા અને પંજાબના બાકીના ભાગોમાં આગળ વધીને સમગ્ર દેશને આવરી ચૂક્યું છે. વિભાગે જણાવ્યું હતું કે ચોમાસાને સમગ્ર દેશને આવરી લેવામાં એક દિવસનો વિલંબ થયો છે, કારણ કે સામાન્ય રીતે આ પ્રક્રિયા 8 જુલાઈના રોજ પૂર્ણ થતી હોય છે. આ વર્ષે કેરળમાં ચોમાસાનું આગમન 4 જૂને થયું હતું, જે દેશમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની સિઝનની શરૂઆત દર્શાવે છે. સામાન્ય રીતે, રાજ્યમાં ચોમાસાનું આગમન 1 જૂને થતું હોય છે. ચાલુ જુલાઈ મહિનામાં અત્યાર સુધીમાં ભારતમાં ઘણો વધારે વરસાદ નોંધાયો છે. મહિનાના પ્રથમ નવ દિવસમાં સામાન્ય વરસાદ 73.8 મીમી હોય છે, તેની સામે સમગ્ર દેશમાં 101.9 મીમી વરસાદ નોંધાયો છે. નોંધનીય છે કે, 30 જૂનના રોજ તેના માસિક પૂર્વાનુમાનમાં IMDએ આગાહી કરી હતી કે મહિનાના પ્રથમ સાતથી 10 દિવસમાં દેશભરમાં વરસાદ પડશે. જો કે, તેમાં ઉમેરવામાં આવ્યું હતું કે જુલાઈ મહિનો સામાન્ય કરતાં સૂકો રહેશે, જેમાં દેશભરમાં વરસાદ લાંબા ગાળાની સરેરાશના 94 ટકા રહેવાની ધારણા છે. ઉલ્લેખનીય છે કે જૂન મહિનામાં વરસાદની ૪૦ ટકા જેટલી ઘટ રહી છે.

દિલ્હી ડાયરી

વિવેક અગ્રવાલની એફએટીએફના ઉપાધ્યક્ષ તરીકે વરણી

ભારત માટે એક મહત્ત્વપૂર્ણ રાજદ્વારી અને વ્યૂહાત્મક સિદ્ધિમાં ભારત સરકારના સચિવ અને વરિષ્ઠ અમલદાર વિવેક અગ્રવાલ વૈશ્વિક મની લોન્ડરિંગ વિરોધી અને ટેરર ફાઇનાન્સિંગ પર નજર રાખતી સંસ્થા 'ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ' (એફએટીએફ) ના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. વિદેશ મંત્રાલય (એમઈએ) દ્વારા આ તાજેતરની જાહેરાતને આવકારવામાં આવી છે. મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓએ આ જાહેરાતને "ભારત માટે મોટી જીત" ગણાવી છે. આવું એટલા માટે છે કારણ કે તાજેતરના સમયમાં ભારત સરકારના વિવિધ વર્ગો અને વિદેશમાં ભારતના મિત્રોના દબાણને કારણે પાકિસ્તાનને એફએટીએફ દ્વારા કડક દેખરેખ હેઠળ લાવવામાં આવ્યું હતું, જેના લીધે ઇસ્લામાબાદને ભારે ક્ષોભજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે, આ નિમણૂક આતંકવાદના

...અનુસંધાન પાના 15 પર

તા. ૦૯-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૧૫૪.૮૮ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	33.૮ સે.	૨૮.૨ સે.	७0%

ઓસ્ટ્રેલિયા ભારતના અણુ મથકો માટે યુરેનિયમ આપશે

ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ૧૮ ઐતિહાસિક કરાર

વડાપ્રધાન મોદી ઇન્ડોનેશિયાથી ઓસ્ટ્રેલિયા પહોંચ્યા, પોતાના ઓસ્ટ્રેલિયન સમકક્ષ એન્થોની આલ્બાનિઝ સાથે મંત્રણા કરી

પરમાણુ ઉર્જાથી લઈને સંરક્ષણ સુધીની ભાગીદારી મજબૂત

બંને દેશો લશ્કરી સહકાર વધારશે, એકબીજાના દેશમાં વિમાનોની તૈનાતી વધારવા પણ સહમતિ

સમુદ્રી સુરક્ષા માટે ભારતીય કોસ્ટ ગાર્ડ અને ઓસ્ટ્રેલિયાના મેરિટાઇમ બોર્ડ કમાન્ડ વચ્ચે કરાર થયો

પરમાણુ ઉર્જા અંગેના કરાર પર બે વર્ષથી વધુ સમયની વાટાઘાટો પછી મહોર

ભારતના પરમાણુ ઉર્જા પ્રોજેક્ટ્સને ઇંધણ પૂરું પાડવા માટે ઓસ્ટ્રેલિયાથી ભારતને યુરેનિયમના વ્યાપારી પુરવઠાની સુવિધા આપતા નાગરિક પરમાણુ ઉર્જા અંગેના કરાર પર બે વર્ષથી વધુ સમયની વાટાઘાટો પછી મહોર મારવામાં આવી હતી, અને તે બંને દેશો વચ્ચે થયેલા ઐતિહાસિક નાગરિક પરમાણુ સહયોગ કરારના લગભગ ૧૨ વર્ષ પછી આવ્યો હતો. આ કરાર ભારતના અણુ વીજળી મથકો માટે ઇંધણ તરીકે યુરેનિયમનો પુરવઠો ભારતને આપવા માટેનો છે.

મેલબોર્ન, તા. 9 (PTI): ભારત અને ઓસ્ટ્રેલિયાએ ગુરુવારે નાગરિક પરમાણુ ઉર્જા, દરિયાઈ સુરક્ષા અને મહત્વના ખનિજ ક્ષેત્રોને આવરી લેતા અનેક ઐતિહાસિક કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આ સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ એન્થોની આલ્બેનિસે શાંતિપૂર્ણ ઈન્ડો-પેસિફિક સુનિશ્ચિત કરવામાં આ દ્વિપક્ષીય ભાગીદારીની મહત્વપૂર્ણ ભૂમિકાને વધુ મજબૂત બનાવી છે.

નવી દિલ્હીના પરમાણુ ઉર્જા પ્રોજેક્ટ્સને ઈંધણ પૂરું પાડવા માટે ઓસ્ટ્રેલિયાથી ભારતને યુરેનિયમના વ્યાપારી પુરવઠાની સુવિધા આપતો નાગરિક પરમાણુ ઉર્જા અંગેનો આ કરાર, બંને દેશો વચ્ચે ઐતિહાસિક નાગરિક પરમાણુ સહયોગ કરાર થયાના લગભગ 12 વર્ષ બાદ આવ્યો છે. અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણયમાં, ભારત અને ઓસ્ટ્રેલિયાએ પ્રસ્તાવિત વ્યાપક આર્થિક સહયોગ કરાર તેમજ દ્વિપક્ષીય રોકાણ સંરક્ષણ માળખાને ઝડપથી આખરી ઓપ આપવા માટે કામ કરવાનો નિર્ણય કર્યો છે. બંને વડાપ્રધાનો વચ્ચેની શિખર મંત્રણા બાદ હસ્તાક્ષર કરાયેલા 18 કરારોમાં સંરક્ષણ અને સુરક્ષા સહયોગ પર સંયુક્ત ઘોષણાપત્ર, દરિયાઈ સુરક્ષા સહયોગ રોડમેપ, ઉર્જા સુરક્ષા પર સંયુક્ત નિવેદન અને સાયબર, ક્રિટિકલ ટેકનોલોજી તથા સપ્લાય ચેઈન માટેની ભાગીદારીનો સમાવેશ થાય છે.

મોદીએ અલ્બેનિસ સાથેની તેમની વાતચીતના પરિણામોને, ખાસ કરીને

...અનુસંધાન પાના 15 પર

અમેરિકામાં ઓગસ્ટથી H-1B, ગ્રીન કાર્ડ માટેના વધુ કડક નિયમો

સ્ટુડન્ટ વિઝાના નિયમો સહિત ઇમિગ્રેશનના અનેક નિયમોમાં ફેરફાર આવશે

સૌથી વધુ અસર ભારતીય સમુદાયને થઇ શકે

વૉશિંગ્ટન, તા. 9 : ટ્રમ્પ વહીવટીતંત્ર ઇમિગ્રેશનના નવા નિયમોનો સમૂહ તૈયાર કરી રહ્યું છે, જેના કારણે વિદેશી વ્યાવસાયિકો, વિદ્યાર્થીઓ અને નોકરીદાતાઓ માટે યુએસ ઇમિગ્રેશન સિસ્ટમનો ઉપયોગ કરવો વધુ મુશ્કેલ બની શકે છે. સૂચિત ફેરફારો જેમાં થઈ શકે છે તેમાં એવા કેટલાક સૌથી લોકપ્રિય માર્ગોનો સમાવેશ થાય છે જેનો ઉપયોગ ભારતીયો અમેરિકામાં અભ્યાસ કરવા અને કામ કરવા માટે કરે છે. તેથી, યુએસમાં સૌથી મોટા ઇમિગ્રન્ટ જૂથોમાંના એક એવા ભારતીયોને H-1B પ્રોગ્રામ, L-1 વિઝા અને સ્ટુડન્ટ વિઝામાં સૂચિત ફેરફારો અંતર્ગત ખાસ કરીને વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

આ દરખાસ્તો અમેરિકી ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS), શ્રમ વિભાગ અને વિદેશ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના યુનિફાઇડ રેગ્યુલેટરી એજન્ડાનો એક ભાગ છે. જો આ ફેરફારો લાગુ કરવામાં આવે, તો તેનો અર્થ એ થઈ શકે છે કે પાત્રતાના નિયમો વધુ કડક બનશે, પેપરવર્ક વધશે, નોકરીદાતાઓની વધુ ઝીણવટભરી તપાસ થશે અને વિદેશી કામદારોને નોકરી પર રાખતી કંપનીઓ માટે ખર્ચ વધશે. આનાથી સૌથી વધુ અસરગ્રસ્ત થનારા દેશોમાં ભારત મોખરે હોવાની સંભાવના છે, કારણ કે યુએસમાં H-1B વિઝા ધારકો, રોજગાર આધારિત ગ્રીન કાર્ડ અરજદારો અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ભારતીયોનો હિસ્સો ઘણો મોટો છે.

સૌથી મોટા સૂચિત ફેરફારોમાંનો એક H-1B વિઝા પ્રોગ્રામ સંબંધિત છે, જે અમેરિકી કંપનીઓને વિશિષ્ટ ક્ષેત્રોમાં વિદેશી વ્યાવસાયિકોને નોકરી પર રાખવાની મંજૂરી આપે છે. DHS ઓગસ્ટમાં એક સૂચિત નિયમ પ્રકાશિત કરે તેવી અપેક્ષા છે જે આ પ્રોગ્રામના કેટલાક ભાગોને વધુ કડક બનાવશે. શ્રમ વિભાગ પણ એવા ફેરફારોની યોજના બનાવી રહ્યું છે જે H-1B વિઝા અને રોજગાર આધારિત ગ્રીન કાર્ડ માટે વિદેશી કામદારોને સ્પોન્સર કરવાનો ખર્ચ વધારી શકે છે. સ્ટુડન્ટ વિઝામાં પણ ફેરફા આવી શકે છે.

ઓઈલના ભાવોમાં વધારો થવાનું ચાલુ: શેરબજારોમાં મિશ્ર પ્રવાહ

બ્રેન્ટ ક્રૂડ ૬૪ સેન્ટ વધીને બેરલ દીઠ 78.66 ડોલર થયું, યુદ્ધ વિરામ પછી ગગડી રહેલા ભાવો ફરીથી વધવા માંડ્યા

એશિયા, યુરોપના બજારોમાં મિશ્ર પ્રવાહો, અમેરિકી શેરબજાર મિશ્ર સંકેતો સાથે ખુલ્યું

ન્યૂયોર્ક, તા. 9 : ઓઈલના ભાવમાં ગુરૂવારે ફરી થોડો વધારો થયો હતો, જેમાં આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ ગણાતું બ્રેન્ટ ક્રૂડ 64 સેન્ટ વધીને 78.66 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યું હતું. બુધવારે તે થોડા સમય માટે 80 ડોલરને પાર કરી ગયું હતું. ઈરાન યુદ્ધ શરૂ થયું તે પહેલાં, બ્રેન્ટ ઓઈલ આશરે 72 યુએસ ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું હતું. અગાઉ વચગાળાની શાંતિ સમજૂતી અંગેની આશાવાદને કારણે તાજેતરમાં જ ભાવ ફરી યુદ્ધ પહેલાના સ્તરે આવી ગયા હતા.

બેન્ચમાર્ક યુએસ ક્રૂડ 54 સેન્ટ વધીને 74.06 ડોલર પ્રતિ બેરલ થયું હતું. મોટર ક્લબ AAA અનુસાર, ગેસોલિન(પેટ્રોલ)ના ભાવમાં સતત થઈ રહેલો ઘટાડો આ અઠવાડિયે અટકી ગયો છે અને રાતોરાત એક ગેલનનો ભાવ પાંચ સેન્ટ વધી ગયો છે. સતત બે દિવસથી ભાવ વધ્યા છે, જેના કારણે એક અઠવાડિયા દરમિયાન થયેલો ઘટાડો ધોવાઈ ગયો છે. AAAના જણાવ્યા અનુસાર, ગુરૂવારે રેગ્યુલર ગેસોલિનનો સરેરાશ ભાવ ગેલન દીઠ 3.85 યુએસ ડોલર હતો. જે ગયા વર્ષે આ સમયગાળાના ભાવ કરતાં ગેલન દીઠ 69 સેન્ટ વધુ છે.

લડાઈ ફરી શરૂ થવાના બીજા દિવસે આજે વૈશ્વિક શેરબજારોમાં મિશ્ર પ્રવાહ રહ્યો હતો. અમેરિકી શેરબજારમાં આજે દિવસની શરૂઆત મિશ્ર સંકેતો સાથે થઈ હતી જેમાં ગુરૂવારે બજાર ખુલતા નાસ્ડેક ફ્યુચર્સ 0.5 ટકા ઉપર હતો. S|P 500 માં 0.3 ટકાનો વધારો થયો હતો, ઈસ્ટર્ન ટાઈમ મુજબ સવારે 9:35 વાગ્યા સુધીમાં ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 47 પોઈન્ટ અથવા 0.1 ટકા ડાઉન હતો, અને નાસ્ડેક કમ્પોઝિટ 0.5 ટકા ઉપર હતો. અન્યત્ર, યુરોપમાં મધ્યાહ્ન સમયે, બ્રિટનનો FTSE 100 0.7 ટકા ઘટ્યો હતો, ફ્રાન્સનો CAC 40 0.3 ટકા વધ્યો હતો અને જર્મનીનો DAX 0.1 ટકા ઉપર ટ્રેડ થઈ રહ્યો હતો. એશિયામાં ટોક્યોનો નિક્કેઈ 225 સપ્તાહની શરૂઆતમાં થયેલા તેના નુકસાનમાંથી થોડો રિકવર થયો

...અનુસંધાન પાના 15 પર